પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૨૨ ૨૨ ઓક્ટોબર, ૨૦૨૨, શનિવાર; આસો વદ - ૧૨ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦



## નરેન્દ્ર મોદીએ કેદારનાથ મંદિરમાં પૂજા-અર્ચના કરી

પીએમ મોદી ઉત્તરાખંડના પ્રવાસે છે. જ્યાં તેમણે કેદારનાથ મંદિરમાં પૂજા અર્ચના કરી. પીએમ મોદીએ ભગવાન શિવનો રુદ્રાભિષેક પણ કર્યો. દરમિયાન પીએમ મોદી એક ખાસ ડ્રેસમાં જોવા મળ્યા. જેની ચારે તરફ ચર્ચા થઈ રહી છે. પીએમ મોદીએ જે ડ્રેસ પહેર્યો તે હિમાચલનો ખાસ 'ચોલા ડોરા' ડ્રેસ છે. જેને તાજેતરમાં જ એક મહિલાએ પીએમ મોદીને ભેટમાં આપ્યો હતો. પીએમ મોદી હિમાચલના પ્રવાસે ગયા હતા ત્યારે તેમને એક મહિલાએ ખાસ 'ચોલા ડોરા' ડ્રેસ ભેટમાં આપ્યો હતો. જેને હિમાચલના ચંબામાં રહેતા મહિલાએ હાથથી બનાવ્યો છે. જેની પર ખૂબ સરસ હસ્તકલા છે.

# આજે પ્રધાનમંત્રી દ્વારા રોજગાર મેળાની શરૂઆત

**વડાપ્રધાન દ્વારા ધનતેરસે ૧૦ લાખ લોકોને રોજગારી માટે રોજગાર મેળાની શરૂઆત કરાશે : નવા નિમાયેલા ૭૫૦૦૦ કર્મચારીઓને નિમણૂક પત્રો પણ આપવામાં આવશે**

નવી દિલ્હી, તા.૨૧ ધનતેરસના દિવસે પીએમ મોદી દ્વારા એક મહત્વના અભિયાનની શરુઆત કરવામાં આવશે. મિશન મોડ પર સરકારમાં ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટેની જાહેરાતને ધ્યાનમાં રાખીને પીએમ મોદી ધનતેરસના દિવસે ૧૦ લાખ લોકોને રોજગાર પ્રદાન કરવા માટે ભરતી અભિયાન રોજગાર મેળાની

● અનુસંધાન પાન-૭ પર














